ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી અને અનુદાનિત ડિગ્રી ડિપ્લોમા ઇજનેરી / ફાર્મસી કોલેજમાં વિધાર્થીઓને સંસ્થા બદલી આપવા માટેના નિયમો અનુસરવાની પધ્ધતિ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:ટીઈએમ-૧૦૨૦૦૩-૦૧-સ
સચિવાલય, ગાંધીનગર
તા.૩/૧૦/૨૦૨૨

વંચાણે લીધા:-

૧. શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: ટીઈએમ/૧૦૨૦૦૩/૦૧/સ, તા.૧૩/૩/૨૦૦૩.
૨. શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: ટીઈએમ/૧૦૨૦૦૩/૦૧/સ, તા.૧૩/૧૦/૨૦૦૩.
૩. શિ.વિ.ના ઠરાવ ક્રમાંક: ટીઈએમ/૧૦૨૦૦૩/૦૧/સ,તા.૦૨/૧૨/૨૦૦૬.
૪. નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીનો પત્ર ક્રમાંક:ડીટીઈ/એકેડેમિક/Stu.Transfer/૨૦૧૭/ ક-૪/૧૭-૧૮/૧૧૫૭૮, તા.૦૫/૦૬/૨૦૧૭.
૫. નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરીનો પત્ર ક્રમાંક:ડીટીઈ/એકે/ક-૪/સંસ્થા-બદલી/ ૪૫૮૪૪૧ /૨૦૨૧/૬૮૬૫, તા.૧૭/૦૭/૨૦૨૧.

પ્રસ્તાવના:

ગુજરાત રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ ડીગ્રી / ડિપ્લોમા ઈજનેરી / ફાર્મસી કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓને એક કોલેજમાંથી બીજી કોલેજમાં બદલીથી પ્રવેશ આપવાના નિયમો વંચાણે લીધેલા ઉક્ત સંદર્ભ (૧) થી (૩) મુજબ બહાર પાડવામાં આવેલ છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની રચના કરાતા રાજ્યની સરકારી / અનુદાનિત ઇજનેરી તેમજ ફાર્મસી સંસ્થાઓ તથા પોલીટેકનિક સંસ્થાઓનું એફીલીએશન ગુજરાત ટેકનૉલોજીકલ યુનિવર્સિટી સાથે કરવામાં આવેલ જેથી પુન: વિચારણા કરીને નવેસરથી આદેશો બહાર પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે જુના નિયમો રદ કરીને, આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ અનુસાર, એક કોલેજમાંથી બીજી કોલેજમાં સમાન અભ્યાસક્રમમાં વિધાર્થીઓને સંસ્થા બદલીના નિયમો અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ :- એનેક્ષર-૧, નમુના-૧,૨

(મૌલિકા શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નામ.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)

- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી માન, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- માન. રાજ્ય મંત્રી, (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, . ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ – સ શાખા, શિ.વિ.

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- ટીઈએમ/૧૦૨૦૦૩/૦૧/સ, તા.૦૦/૦૦/૨૦૨૨નું બિડાણ

## પરિશિષ્ટ – ૧

## સરકારી અને અનુદાનિત ડીગ્રી / ડિપ્લોમા ઈજનેરી / ફાર્મસી કોલેજમાં વિદ્યાર્થીઓની આંતરિક શાખા બદલી તેમજ સંસ્થા બદલી અંગેના નિયમો

### નિયમ-૧ આંતરીક શાખા બદલી અંગેના નિયમ :-

(૧) પ્રથમ વર્ષ અથવા બીજુ સેમેસ્ટર પુરૂ થયા બાદ તેમાં મેળવેલ માર્ક્સની મેરીટ આધારે વિધ્યાર્થીઓની મળેલ અરજીઓ પરથી સંસ્થાના આચાર્ય આંતરીક શાખા બદલી આપી શકશે.

(૨) અન્ય સંસ્થામાંથી બીજા વર્ષ / ત્રીજા સેમેસ્ટરની શરુમાં બદલાઈને આવેલ વિધ્યાર્થીને આંતરીક શાખા બદલી આપવામાં આવશે નહી.

### નિયમ-૨ વિધ્યાર્થીઓની કોલેજ બદલી અંગે :-

(૧) અરસ પરસ બદલી અને તબીબી કારણોસરના સંજોગોમાં પ્રથમ વર્ષ અથવા બીજુ સેમેસ્ટર પુરુ થાય તે દરમ્યાન કોઈપણ વિધ્યાર્થીને બદલી આપવામાં આવશે નહી. પરંતુ માતા અથવા પિતાનું અવસાન થયું હોય તેવા સંજોગોમાં ચાલુ સેમેસ્ટરમાં અરજી કરી શકાશે.

### નિયમ-૩ ક્યારે બદલી થઈ શકશે :

(૧) જ્યા વર્ષની પધ્ધતિ હોય ત્યાં વર્ષની શરુમાં જ્યારે જ્યા સેમેસ્ટરની પધ્ધતિ હોય ત્યાં ત્રીજા, પાંચમાં કે સાતમા સેમેસ્ટરની શરુ થતા પહેલા નિયમ-૬ માં જણાવેલ પધ્ધતિ મુજબ અરજી કરવાની રહેશે.

(૨) સીટુડી અને ડીટુડી (લેટરલ એન્ટ્રી) ના સંજોગોમાં જ્યા વર્ષની પધ્ધતિ હોય ત્યાં ત્રીજા કે ચોથા વર્ષની શરૂમાં જ્યારે જ્યા સેમેસ્ટરની પધ્ધતિ હોય ત્યાં પાંચમા કે સાતમા સેમેસ્ટરની શરુ થતા પહેલા નિયમ-૬ માં જણાવેલ પધ્ધતિ મુજબ અરજી કરવાની રહેશે.

### નિયમ-૪ કયા સંજોગોમાં બદલી થઈ શકશે :

વિધ્યાર્થીઓની સંસ્થા બદલી માટે માત્ર નીચેના સંજોગોને ધ્યાને લેવામાં આવશે પરંતુ નિયમ (૧) હેઠળ વિધ્યાશાખા બદલી મેળવનાર વિધ્યાર્થી બીજા વર્ષની કે ત્રીજા સેમેસ્ટરની શરુઆતમાં સંસ્થા બદલી મેળવવા પાત્ર થશે નહી.

(૧) વિધ્યાર્થીના પ્રથમ વર્ષમાં પ્રવેશ બાદ માતા અથવા પિતાનું અવસાન થયું હોય.

(૨) વિધ્યાર્થી જે સ્થળે અભ્યાસ કરતો હોય તે સ્થળ વિધ્યાર્થીની તબિયતને અનુકૂળ ન હોય અને તેથી સ્થળ ફેર માટે તબીબી બોર્ડએ બીમારી સાથે સ્પષ્ટ ભલામણ કરી હોય.

(૩) જો બે સરકારી કોલેજોમાં એક જ સેમેસ્ટરમાં વિધ્યાર્થીઓ અરસ પરસ બદલી કરવા સમંત હોય તો બન્ને કોલેજના પ્રિન્સીપાલની સંમતી મેળવી નવા સેમેસ્ટરની શરુઆતમાં બદલી કરી શકાશે.

નિયમ-૫ બદલીઓ કેટલી સંખ્યામાં થઈ શકશે તે અંગે :

કોઈપણ વિધ્યાશાખામાં જેટલી જગ્યા ભરાય વિના રહે તે, કે બદલીના કારણે અથવા અન્ય કારણે ખાલી થાય તેના પર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો તથા એ.આઈ.સી.ટી.ઈ. ના નિયમોને આધિન રહીને બદલીથી ભરી શકાશે.

નિયમ-૬ અરજી કરવાની સમય મર્યાદા:-

(૧) વિદ્યાર્થીએ પોતાની હાલની કોલેજના આચાર્યને નિયત નમુના-૧ માં નવુ સેમેસ્ટર શરુ થતાના ૧૫ દિવસ પહેલા અરજી કરવાની રહેશે.

(૨) સમય મર્યાદા પછી કરવામા આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

નિયમ-૭ અરજી મળ્યા બાદ પ્રિન્સીપાલની જવાબદારી:-

(૧) અરજીઓ મળવાની સમય મર્યાદા પુરી થયા બાદ તુરતજ, વિદ્યાર્થીની તબીબી તપાસની અરજીઓ આચાર્યશ્રી દ્વારા નિયત નમુના-૨ મુજબ સંબંધિત મેડીકલ બોર્ડને મોકલાવવાની રહેશે.

(૨) અરસ પરસની બદલી તથા માતાપિતાના અવસાનના કારણોસરની બદલીની અરજી આચાર્યશ્રી દ્વારા નિયામકશ્રીની કચેરી, ટેકનીકલ શિક્ષણને મોકલાવવાની રહેશે.

(૩) તબીબી કારણોસરની બદલીની અરજી મેડીકલ બોર્ડના પ્રમાણપત્ર મળ્યા બાદ આચાર્યશ્રી દ્વારા નિયામકશ્રીની કચેરી, ટેકનીકલ શિક્ષણને અરજી અસલ પ્રમાણપત્ર સાથે મોકલાવવાની રહેશે.

નિયમ-૮ મેડીકલ બોર્ડ દ્વારા કામગીરી:-

(૧) મેડીકલ બોર્ડ તેમને મળેલ તમામ અરજીઓ ના વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરી તબિયત સંબંધમાં સ્પષ્ટ ભલામણ સાથે જરુરી પ્રમાણપત્ર આપશે.

(૨) મેડીકલ બોર્ડે જે તેઓને મળેલ અરજીઓના સબંધે મેડીકલ સર્ટીફીકેટ સંસ્થાના આચાર્યશ્રીને રજી. એ.ડી. થી સીધે સીધા મોકલાવી આપશે.

(૩) આચાર્ય તરફથી અરજીઓ મળ્યા બાદ વધુમા વધું ૩૦ દિવસમાં મેડીકલ બોર્ડે તપાસ પ્રમાણપત્ર મોકલવાની કાર્યવાહી કરવાની રહેશે.

## નિયમ-૯ બદલી માટે સમિતિની રચના:-

૧) તબીબી પ્રમાણપત્રો આધારે, માતા પિતાના અવસાનના કારણે તેમજ અરસ-પરસ બદલી અંગેનો નિર્ણય નીચે મુજબના સભ્યોની બનેલી સમિતી દ્વારા કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ, ગાંધીનગર. | અધ્યક્ષ |
| ૨. | રજિસ્ટ્રરશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ | સભ્ય |
| ૩. | આચાર્યશ્રી, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ, અમદાવાદ | સભ્ય |
| ૪. | આચાર્યશ્રી, સરકારી પોલીટેકનીક, અમદાવાદ | સભ્ય |
| ૫. | અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| ૬. | સંયુક્ત નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણ (એકેડેમિક) | સભ્ય સચિવશ્રી |

૨) આ સમિતિને વહીવટી સુવિધાઓ, નિયામકશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા આપવામાં આવશે.

૩) સમિતિની ભલામણને અનુસંધાને વિધાર્થીઓની સંસ્થા બદલીના હૂકમો નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી દ્વારા કરવામાં આવશે.

૪) કોલેજ કક્ષાએ મળેલ અરજીઓ અને તે પૈકી સંસ્થા બદલી થયેલ કેસો તથા સંસ્થા બદલી કરવામાં આવેલ ન હોય તેવા કેસો (કારણો સહિત)ની વિગતો વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે.

## નિયમ-૧૦ બદલી ક્યા સ્થળે થઇ શકશે:-

એકજ સ્થળે બદલી માટે વધુ કેસો હોવાના સંજોગોમાં મેરીટ ક્રમ મુજબ બદલી કરી આપવામા આવશે.

## નિયમ-૧૧:-

એક સ્વનિર્ભર સસ્થામાંથી બીજી સ્વનિર્ભર સંસ્થામાં બદલી માટે રાજ્ય સરકાર હસ્તક્ષેપ કરશે નહી કે તે માટે રાજ્ય સરકાર કોઇ મંજુરી આપવાની રહેશે નહી.

## નિયમ-૧૨:-

૧) પ્રતિવર્ષ પ્રથમ વર્ષના એડમિશન પૂર્ણ થયા બાદ ખાલી રહેલ બેઠકો વિદ્યાર્થીઓની સંસ્થા બદલીથી ભરવી.

૨) જે તે સંસ્થા ખાતે વિદ્યાશાખાની કુલ મંજુર બેઠકના ૧૦% બેઠક વિદ્યાર્થીઓની સંસ્થા બદલી અને આંતરીક વિદ્યાશાખા બદલીથી સરકારના અને એ.આઇ.સી.ટી.ઇના નિયમોને આધિન બદલીથી કરી શકાય તેવી જોગવાઇ છે તેમાં આવી સંસ્થા બદલીનું પ્રમાણ ૧૦%થી ઘટાડીને ૫% રાખીએ જેથી કોઈ એક જ સંસ્થા ખાતે ઓવરક્રાઉડીંગ ન થાય.

૩) આ કાર્યવાહી જુલાઇ અંત સુધીમાં પૂર્ણ કરવી ત્યારબાદ મંજુર બેઠકો પૈકી જે ખાલી રહે તે બેઠકનો સમાવેશ ડીગ્રી ઇજનેરી માટે D to D અને ડીપ્લોમા ઇજનેરી માટે C to D.માં બીજા વર્ષમાં સીધા પ્રવેશની કાર્યવાહી માટે કરવો,

૪) સરકારી ટેકનિકલ સંસ્થામાંથી સ્વનિર્ભર ટેકનિકલ સંસ્થામાં વિદ્યાર્થીઓની સંસ્થા બદલી અંગે સબંધિત સરકારી ટેકનિકલ સંસ્થાના આચાર્ય જરૂરી તપાસ કરી એન.ઓ.સી. આપી શકશે.

નિયમ-૧૩:- નિયમોના અર્થઘટનનો પ્રશ્ન હોય તો સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

# નમૂનો-૧

## વિદ્યાર્થી કોલેજ બદલી અંગેનું ફોર્મ:

( આ અરજી લેખિતમાં આચાર્યશ્રીને આપવી. સાથોસાથ નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણને ઈ-મેઈલથી જાણ કરવી.)

(૧) વિદ્યાર્થીનું નામ :

(૨) પ્રવેશ મેળવેલ કોલેજનું નામ :

(૩) પ્રથમ વર્ષમાં પ્રવેશનું વર્ષ મેરીટ નંબર, માર્કસ :

(૪) હાલ જે વિદ્યાશાખામાં અભ્યાસ કરે છે તેનું નામ અને વર્ષ/સેમેસ્ટર :

(૫) જે સંસ્થામાં બદલી માંગેલ છે તે સંસ્થાનું નામ :

(૬) કઇ વિદ્યાશાખામાં બદલી મેળવવા ઇચ્છે છે ? :
(નિયમ-૧ અંતર્ગત આંતરિક શાખા બદલી માટે જ )

(૭) બદલીનું કારણ :

(૮) અન્ય વિગતો :

વિદ્યાર્થિની સહી

## <u>સંસ્થાનું પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી.................................... વિદ્યાર્થીએ ફોર્મમાં જે હકીકતો દર્શાવી છે તે સાચી છે. વિદ્યાર્થીને બદલી માટે ભલામણ કરવામાં આવે છે.

સ્થળ: આચાર્યની સહી/-

તારીખ:

# નમૂનો-૨

ક્રમાંક:
સંસ્થાનું નામ
તા.

પ્રતિ,
અધ્યક્ષશ્રી,
.................. મેડીકલ બોર્ડ

વિષય :- વિદ્યાર્થીઓની સંસ્થા બદલીની વિનંતી સબબ તબીબી તપાસ કરવા બાબત.

શ્રીમાન,

સવિનય જણાવવાનું કે, નીચે મુજબના વિદ્યાર્થીઓએ તેમની તબિયતના કારણોસર આ સંસ્થામાંથી અન્ય સંસ્થામાં બદલી માટે વિનંતી કરી છે. જે અરજીની ઝેરોક્ષ નકલ સામેલ છે. આ વિદ્યાર્થીઓની તબીબી તપાસ કરી તેમના હવે પછીના અભ્યાસ માટે સ્થળ ફેરી આવશ્યકતાહોય તો તે મુજબનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

૨) આ પ્રમાણપત્રો બારોબાર નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર (બ્લોક નં.૨, છઠ્ઠો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર, પિન-૩૮૨૦૧૦, ફોન.ન.૦૭૯-૩૨૫૩૫૪૬, ૦૭૯-૨૩૨૫૩૫૩૯ ફેક્સ નં.) ને રજીસ્ટર્ડ એ.ડી. થી મોકલાવી આપવા અને અત્રે જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

3) જો કોઈ વિદ્યાર્થીને અભ્યાસ માટે સ્થળ ફેરની જરૂર ન હોય તો તે પણ જણાવવા વિનંતી છે.

૪) આ પત્ર મળ્યા તારીખથી તબીબી તપાસ કરવાની અને પ્રમાણપત્ર આપવાની તમામ કાર્યવાહી વધુમાં વધુ દિન–૩૦ માં પૂર્ણ કરવા વિનંતી છે. કારણ કે, યુનિવર્સિટીઓના સત્રો પુર્ણ શરુ થવાની સમય મર્યાદા અલગ અલગ હોઈ વિદ્યાર્થીની રજુઆત અંગે સત્વર નિર્ણય લેવા આવશ્યક છે.

૫)

| અ.નં. | વિધ્યાર્થીનું નામ | હાલની વિધાશાખા વર્ષ | બદલી માગેલ સ્થળ / કોલેજ | બદલી માંગેલ કોલેજમાં હવે સત્ર/વર્ષ શરૂ થવાની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

આપનો વિશ્વાસુ

(આચાર્ય)

નકલ રવાના:-